For Private Circulation Only

ECHOES INDIA

શ્રી રામચંદ્ર મીશન®

સપ્ટેમ્બર 2014 વર્ષ 7, અંક 5

# મણપાક્કમના સમાચાર

## જુલાઈ 2014

**શુક્રવાર, 4 જુલાઈ: દ્વારકા એપાર્ટમેન્ટની મુલાકાત:** કમલેશભાઈને એક અઠવાડિયા કરતાં વધારે દિવસથી ફ્લુ થયો હોવાથી માસ્ટરે તેમને જોવા જવાનું નક્કી કર્યું હતું. તેઓ આશ્રમની બરાબર પાછળ આવેલા દ્વારકા એપાર્ટમેન્ટ પર ગોલ્ફ કાર્ટમાં ગયા હતા. રસ્તામાં, અભ્યાસીઓની શુભેચ્છાઓ, પ્રશ્નો, સમસ્યાઓ વગેરેનો જવાબ આપવા માટે કેટલીક વાર તેઓ ગોલ્ફ કાર્ટની ગતિ ધીમી કરી દેવડાવતા હતા.



માસ્ટર જેવા લીફ્ટમાંથી બહાર આવ્યા કે કમલેશભાઈએ તેમનો સત્કાર કર્યો હતો. કમલેશભાઈના ઘરમાં ફોટાઓ અને ખાસ કરીને બાબુજીના ફોટાઓ જોઈને માસ્ટર ખુશ થયા હતા. ત્યાં બુદ્ધની પ્રતિમા પણ હતી જે ક્રિષ્ના જેવી દેખાતી હતી; માસ્ટરને કહેવામાં આવ્યું હતું કે તે, ‘ બુદ્ધ ક્રિષ્ના’ ની પ્રતિમા હતી. થોડી વાર પછી માસ્ટર તેમને વીંટળાઈ રહેલા થોડા અભ્યાસીઓ સાથે હોલમાં બેઠા હતા અને આલોચના કરી હતી કે, ‘ જેમ ફૂલની આજુબાજુ માખીઓ ફરી વળે છે તેમ અભ્યાસીઓ હંમેશાં મને વીંટળાયેલા જ રહે છે.’ અવિધિસરની ચર્ચા કર્યા પછી, તેમણે એવા બનાવોનું વિગતવાર વર્ણન કર્યું હતું કે જે તેમણે કરેલા યુરોપના પ્રવાસ દરમિયાન બન્યા હતા. એક પ્રસંગે, તેઓ કારમાં કોઈ જગ્યાએ જવા નીકળી રહ્યા હતા, તે જ વખતે એક અભ્યાસી તેની બેગ ભૂલી ગયો અને તે પછી પણ તેમના પ્રયાણને અટકાવતા બીજા બે બનાવો બન્યા હતા. તેમણે ત્યારે અને તેજ વખતે પ્રવાસ રદ કરવાનું નક્કી કર્યું હતું. પાછળથી તેના પરિણામ સ્વરૂપે ઘણી જ હકારાત્મક બાબતો બની હતી. તેમના જીવનના આ એવા ઉદાહરણો છે કે જેમાંથી આપણે કંઈક શીખી શકીએ છીએ.

કમલેશભાઈના ઘરમાંથી નીકળીને માસ્ટર, તે ઈમારતમાં આવેલા દરેક એપાર્ટમેન્ટમાં ગયા હતા, તેમાં બધા અભ્યાસીઓ જ રહે છે. એક ઘરમાંથી બીજા ઘરમાં જતાં પહેલાં, તેઓ દરેક ઘરમાં થોડીવાર રોકાતા હતા અને દર વખતે તેમનું ઉષ્માભર્યું સ્વાગત થતું હતું. તાજેતરમાં, માસ્ટર એમ કહીને થોડા બેચેન થઈ ગયા હતા કે, “ મારા ઘરમાં મને લાંબા સમયથી ગોંધી રાખવામાં આવ્યો છે.” એટલા માટે પણ આ ટ્રીપ તેમના માટે એક આવકારદાયક બદલાવરૂપ હતી. જો કે જ્યારે તેઓ કોટેજમાં પાછા ફર્યા ત્યારે ઘણા થાકી ગયા હતા અને આરામ કર્યો હતો. જાણીતું કથન છે, ‘ આત્મા ઈચ્છે છે પરંતુ શરીર નબળું છે.’ જ્યારે માસ્ટરની પ્રવાસ કરવાની, બહાર જવાની ઉત્કટ ઈચ્છા થાય, ત્યારે એના અનુસંધાનમાં કોટેજમાં ઘણીવાર તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.



**રવિવાર, 6 જુલાઈ: પિયાનો:** નાસ્તો કર્યા પછી પેપર વાંચીને માસ્ટર કોટેજની બહાર આવ્યા હતા અને થોડીવાર સૂર્યપ્રકાશમાં બેઠા હતા. તે પછી એક ભાઈ જે પિયાનો વગાડે છે તેમની પાસેથી તેમણે પિયાનો સાંભળવાની ઈચ્છા દર્શાવી. જે વખતે આ ભાઈ



કેટલીક ધૂનો વગાડી રહ્યા હતા ત્યારે તેઓ શાંતિથી તે સાંભળતા અને દેખીતી રીતે તેનો આનંદ માણતા હોલમાં બેઠા હતા. તે પછી ઓમેગા સ્કૂલમાં ભણતી એક વિદ્યાર્થીનીએ પણ પિયાનો વગાડ્યો હતો. આ હકીકતથી માસ્ટર ઘણા જ ખુશ થયા હતા કે આપણા અભ્યાસીઓ પણ આટલું સુંદર વગાડી શકે છે. તેમણે કહ્યું હતું કે, " મને હંમેશાંથી પિયાનો ખરીદવાની ઈચ્છા થતી હતી, પણ તે ક્યારેય પૂરી થઈ ન હતી. એક પિયાનો ખરેખર અહીં હોય તો સારું," કેટલાક અભ્યાસીઓ તત્પરતાથી આગળ આવ્યા અને સૂચનો આપ્યાં અને થોડા જ દિવસોમાં, પિયાનો ખરીદી લેવામાં આવ્યો અને કોટેજમાં ગોઠવવામાં આવ્યો. માસ્ટરે જ્યારે તેને જોયો, ત્યારે ખુશી તેમના ચહેરા પર દેખાઈ આવતી હતી. એક અભ્યાસીએ થોડી ધૂનો વગાડી, તે પછી માસ્ટરે પણ થોડા સૂર રેલાવ્યા હતા. તેને ક્યાં મૂકવો જોઈએ તે તેમણે સમજાવ્યું અને યોગ્ય રીતે તેને ઢાંકીને રાખવાનો આગ્રહ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે અભ્યાસીઓને જ્યારે પણ તે વગાડવાની ઈચ્છા થાય, ત્યારે અહીં આવે અને વગાડે. છેલ્લા થોડા દિવસોથી, કેટલાક અભ્યાસીઓ આવતા હતા અને માસ્ટરે તેમને વગાડતા સાંભળ્યા હતા.

**શનિવાર, 12 જુલાઈ**: ગુરુ પૂર્ણિમા: પ્રસાદ ધરાવ્યા પછી, તેમને જોવા માટે તેમની રાહ જોતા અભ્યાસીઓને મળવા માસ્ટર તૈયાર થઈ ગયા હતા. તે બધા અભ્યાસીઓ શરૂઆતમાં શિસ્તબદ્ધ રીતે આવ્યા હતા અને માસ્ટરે તેમને દરેકને એક પછી એક આશીર્વાદ આપ્યા હતા. માસ્ટરના પગને સ્પર્શ કરવાની મનાઈ કરતુંનિવેદન કરવામાં આવતું હોવા છતાં પણ અભ્યાસીઓ તેમ કર્યા કરતા હતા. માસ્ટરને થાક લાગી રહ્યો હતો અને કહ્યું કે જો તેઓ ઈચ્છતા હોય કે માસ્ટર સત્સંગ કરાવે, તો આવવાનું બંધ કરો. પણ લોકોએ આગળ ધક્કા મારવાનું ચાલુ રાખ્યું હતું. આ બધું પૂરું થયું ત્યાં સુધીમાં, માસ્ટર 500 થી પણ વધારે અભ્યાસીઓને મળ્યા હતા. તે પછી તેઓ મેડિટેશન હોલમાં ગયા અને લગભગ 50 મિનિટ સુધી સત્સંગ કરાવ્યો હતો. માસ્ટર તેમના કોટેજમાં પાછા ગયા, તે પછી પણ મેડિટેશન હોલમાં ભજનો ચાલુ રહ્યાં હતાં.

**બુધવાર, 16 જુલાઈ: માસ્ટર અસ્વસ્થ:** અઠવાડિયાની શરૂઆતથી જ માસ્ટરને ઠીક ન હતું. તેમને ઘણો જ કફ થઈ ગયો હતો અને ઈન્ફેક્શન પણ લાગ્યું હતું, તેથી જે લોકોને કોટેજમાં જવાની પરવાનગી આપવામાં આવી હતી તેમના પર કડકાઈથી નિયંત્રણ મૂકવામાં આવ્યું હતું. થોડા દિવસોમાં જ માસ્ટરના સ્વાસ્થ્યમાં સુધારો થયો હતો અને લોકો સાથે વાતો કરવાનું તેમણે ફરીથી શરૂ કરી દીધું હતું.

**રવિવાર, 20 જુલાઈ:** કમલેશભાઈએ સત્સંગ કરાવ્યો હતો અને ત્યાર બાદ માસ્ટરના સ્વાસ્થ્યને વિષે નિવેદન કર્યું હતું. 'સહજ સંદેશ'માં અભ્યાસીઓને પ્રોત્સાહિત કરતો એક સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો કે ભંડારા માટે બાબુજી મેમોરીયલ આશ્રમ, ચેન્નાઈ આવવાને બદલે, અભ્યાસીઓ તિરુપુર જાય.

**મંગળવાર, 22 જુલાઈ**: તિથિ મુજબ માસ્ટરનો જન્મદિવસ: હિંદુ કેલેન્ડર પ્રમાણે આ દિવસે માસ્ટરનો જન્મ દિવસ હતો, પણ ફરીથી તાવ આવ્યો હોવાથી તેઓ અભ્યાસીઓને મળી શકે કે પથારીમાંથી ઊભા થઈ શકે તે સ્થિતિમાં ન હતા. કમલેશભાઈએ 9 વાગ્યાનો સત્સંગ કરાવ્યો હતો. તે પછી એ. પી. દુરાઈએ લખેલું પુસ્તક 'લેટર્સ ટુ માય ક્રિશ્ચિયન ફેમિલી'નું વિમોચન કરવામાં આવ્યું હતું.





# ભારતમાંનાં કેન્દ્રોમાં પરમ પ્રિય માસ્ટરના જન્મોત્સવની ઉજવણીઓ

જે લોકો તિરુપુરના ભંડારામાં હાજર રહી શકે તેમ ન હતા, તેમના માટે ભારતભરમાંનાં કેન્દ્રોમાં આપણા પ્રિયતમ માસ્ટરના 88મા જન્મોત્સવને ઉજવવામાં આવ્યો હતો. સત્સંગો, ભજનો, બાળકોની લઘુ નાટિકાઓ અને અભિનયો, અભ્યાસીઓ દ્વારા આપવામાં આવેલાં ભાષણો વગેરે કાર્યક્રમો દરેક સ્થળે રાખવામાં આવ્યા હતા.

વડોદરા, ભીલવારા, કોલકાતા, ખરગપુર, જોધપુર, શ્રી ગંગાનગર, નવસારી, વલસાડ, ગુલબર્ગા અને આણંદથી આવેલા હેવાલમાં સંમેલનોમાં તેમણે માસ્ટરની જે કૃપા અને આશીર્વાદોનો અનુભવ થયો હતો, તેનું વર્ણન કર્યું હતું.


ભીલવારા


વલસાડ



અલાહાબાદ


સહરાનપુર



ઘાતમપુર


ગુલબર્ગા


લખનૌ


ખરગપુર

# ભારતમાંનાં કેન્દ્રોમાં પરમ પ્રિય માસ્ટરના જન્મોત્સવની ઉજવણીઓ


જોધપુર


શ્રી ગંગાનગર


શ્રીનગર

## બાળકોનો હિસ્સો

બાળકો આપણા સહજ માર્ગ પરિવારનો એક હિસ્સો જ છે અને આ પરિવારમાં તેઓ જેમ જેમ મોટા થતા જાય છે તેમ તેમ તેઓ આપણા આશ્રમોમાં થતી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું શીખે છે અને આપણા માસ્ટરના શિક્ષણનાં મૂલ્યો અને ખાસિયતોને બારીકાઈથી ગ્રહણ કરે છે. અભિનયો, ગીતો અને નૃત્ય દ્વારા તેઓ તેમને જે પ્રેમનો અનુભવ થાય છે, તે વ્યકત કરતાં શીખે છે. આવાં સંમેલનોના વાતાવરણને તેઓ ચેતનવંતુ બનાવે છે અને આપણા બધાની અંદર ખુશી અને પ્રેમ લાવે છે.


કોલકાતા


વલસાડ



વડોદરા


ગુલબર્ગા


લખનૌ

"હું તેની ઉપર વિપુલ માત્રામાં પ્રદાન કરવા માટે હંમેશાં તૈયાર છું કે જે તેને પ્રાપ્ત કરવા માટે પોતાને તૈયાર કરવાની તત્પરતા દર્શાવે છે. પરંતુ તેનો પ્યાલો છલોછલ ભરવા માટે હજી સુધી કોઈ અહીં પહોંચ્યો હોય એવું દેખાતું નથી. મારી પાસે જે કંઈ છે તે લૂંટી લેવા માટે અને બદલામાં તેમની પાસે જે કંઈ છે, તે મને આપવા માટે મેં અભ્યાસીઓ સામે રજૂઆત કરી છે. ન્યાયપૂર્ણ કરેલી અદલાબદલી એ કંઈ લૂંટ નથી"

— બાબુજી

રામચંદ્રની સંપૂર્ણ કૃતિઓ, વોલ્યુમ 2, પાનું, 13






## જોઈન્ટ સેક્રેટરીએ લીધેલી હુબલીની મુલાકાત, કર્ણાટક

ઓગસ્ટની તા. 8થી10 દરમિયાન મિશનના જોઈન્ટ સેક્રેટરી, શ્રી એ. પી. દુરાઈએ હુબલીની મુલાકાત લીધી હતી.

8મીએ સવારે, તેમણે આશ્રમ માટે લીધેલી નવી જગ્ગાની મુલાકાત લીધી હતી, જે શહેરથી 12 કી.મી. દૂર આવેલી છે. આ યોજનાનું સંચાલન જે અભ્યાસીઓ કરે છે, તેમની સાથે તેમણે બપોરે ચર્ચા રાખી હતી અને જમીનના વિકાસ માટે દોરવણી આપી હતી. તેમણે અભ્યાસીઓને ખરીદેલા પ્લોટમાં બને તેટલાં જલદી ઘરો બાંધવા માટે કહ્યું હતું; અને કહ્યું હતું કે વસાહત વગર, આટલે દૂર આવેલી જગ્ગામાં આશ્રમ હોવાની બધી જ કલ્પના નિરર્થક છે. આશ્રમની જગ્ગામાં ધ્યાન માટે કામચલાઉ છાપરું બાંધવાની દરખાસ્ત હતી કે જેથી અભ્યાસીઓ અવારનવાર મુલાકાત લે ત્યારે તેમને સગવડ પૂરી પાડી શકાય.

સાંજે, તેમણે ગીતા રેશ્મીના ઘરમાં રાખવામાં આવેલા હોમ ગેધરીંગમાં હાજરી આપી હતી અને જિજ્ઞાસુઓના જૂથને સહજ માર્ગ પદ્ધતિનાં મૂળભૂત તત્ત્વોનો ખુલાસો આપ્યો હતો.

9મીએ, ધારવાડની કર્ણાટક યુનિવર્સીટીમાંથી જુદી જુદી કેળવણી સંસ્થાઓના હાજર રહેલા સ્નાતકો માટે રાખવામાં આવેલા સેમિનારમાં તેમણે ભાષણ આપ્યું હતું. તેમણે સ્નાતકોને સહજ માર્ગ ફિલોસોફી વિગતવાર સમજાવી હતી અને સાદગીની જરૂરત પર ભાર આપ્યો હતો અને તેમના પોતાના જીવનના સાચા અનુભવોનો ઉલ્લેખ કરીને ગેરમાર્ગે દોરતા પ્રલોભનોમાંથી બહાર આવવા જણાવ્યું હતું. આધ્યાત્મિકતાના અભ્યાસથી આંતરિક સામર્થ્ય ઉત્પન્ન કરીને વ્યક્તિએ પોતાના સ્વ-મૂલ્યાંકનમાં વધારો લાવવા પર ભાર મૂક્યો હતો.

એ જ વખતે, નોર્થ કર્ણાટક ઝોનના ઝેડઆઈસી, ડો. ગજેન્દ્રસિંઘ દ્વારા હુબલીથી 48 કી.મી. દૂર આવેલા મુંડગોડ શહેરની ગવર્નમેન્ટ કોલેજમાં ઓપન હાઉસનું સંચાલન કરવામાં આવ્યું હતું. 150થી વધારે સીનિયર વિદ્યાર્થીઓએ અને કોલેજના અધ્યાપકોએ ઓપન હાઉસમાં હાજરી આપી હતી. તેમના ભાષણમાં તેમણે ધ્યાનની ભુમિકા, સાચો પ્રેમ, સાચી ખુશી અને આંતરિક માર્ગદર્શનની જરૂરત પર ભાર આપ્યો હતો.

સાંજે, ગીતા કામતના નિવાસ સ્થાને, અવિધિસરની વાતચીત દરમિયાન ભાઈ દુરાઈએ મૂળભૂત સાધનાના ઉચિત અભ્યાસના મહત્ત્વ પર અને અભ્યાસીઓ વચ્ચે બંધુત્વની જરૂરત પર ભાર આપ્યો હતો.

રવિવારે, સત્સંગ પછી, ભાઈ દુરાઈ દ્વારા પસંદ કરેલા વિષયો પર અભ્યાસીઓ વચ્ચે સમૂહ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંના કેટલાક વિષયો નીચે મુજબ હતા:

1 આપણા વ્યવસાયિક અને અંગત જીવનથી બીજાઓ સહજ માર્ગ પદ્ધતિમાં જોડાવા માટે આકર્ષિત થવા જોઈએ.

2 નવા આશ્રમનો ઉપયોગ કરવા માટે આપણે કેવી રીતે દરખાસ્ત મુકીશું?

3 આધ્યાત્મિક જીવન અને ભૌતિક જીવન વચ્ચેનું વિભાજન કૃત્રિમ છે.

બપોરના ભોજન પછી, અભ્યાસીઓ સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે 4.30 વાગ્યાના સત્સંગ પછી પૂરો થયો હતો. તે જ રાત્રે ભાઈ દુરાઈ બેંગલોર જવા નીકળી ગયા હતા. બધા જ અભ્યાસીઓએ ખુશી વ્યક્ત કરી હતી અને તેમની મુલાકાતથી તેમને ફાયદો થયો હતો.

## ભોપાલમાં યુ-કનેક્ટ

યુ-કનેક્ટ એક એવી પ્રવૃત્તિ છે જે આપણા મિશન દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવી છે. એમપી ઝોનમાં કાર્યની શરૂઆત ઈંદોર અને ભોપાલથી કરવામાં આવી છે અને બીજા કેન્દ્રોમાં ધીમે ધીમે ફેલાઈ રહી છે.

ઈંદોર કેન્દ્ર ખાતે પ્રથમ તબક્કાના અખતરાનું આયોજન ત્રણ અઠવાડિયાં માટે કરવામાં આવ્યું હતું. એક કોલેજે સપ્ટેમ્બરથી આની શરૂઆત કરવા માટે અંમતિ આપી છે.

13મી જુલાઈના રોજ, ભોપાલના સ્વયંસેવકો માટે ઈંદોરમાંથી તાલીમ પામેલા સ્વયંસેવકોની ટુકડીએ ઉપરોક્ત કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. તેમણે તેમનો અનુભવ કહ્યો હતો અને સ્વયંસેવકો સાથે શીખ્યા હતા.

ભોપાલથી આવેલી ટીમના સ્વયંસેવકોની સાથે, આજુબાજુનાં કેન્દ્રો, જેવાં કે વિદિશા, મંડીદીપ, રાયસેન, સેહોર અને નરસિંહગઢથી આવેલા ત્રેસઠ અભ્યાસીઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ઝોનલ કો-ઓર્ડિનેટર, યામિની કરમાકરની સાથે, રાજેશ રાવેરકર, નિર્મલ ડગ્ગડીની ટીમ અને ઈંદોરથી આવેલા રમાંકાંત અગરવાલે ભાગ લેનારાઓ સાથે વાત કરી હતી અને યુ-કનેક્ટના વિવિધ પાસાંઓ સમજાવ્યાં હતાં.

ટીમે જુદાં જુદાં કેન્દ્રોને સંસ્થાઓ અને કોલેજોમાં જતાં પહેલાં તેમનાં કેન્દ્રોમાં અખતરા રૂપે કાર્યક્રમો રાખવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજોમાં, મહાવિદ્યાલયોમાં અને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ માટે સ્વ-વિકાસને લગતા અભ્યાસક્રમનો હવે પછી પરિચય કરાવવા માટે પણ વારાફરતી બે કાર્યક્રમોમાં ચર્ચા કરવામાં આવી હતી.

સીઆઈસી પંકજ માથુરે કાર્યક્રમનું સમાપન એ ખાતરી આપતાં કર્યું હતું કે આ કાર્ય ટીમ જલદીથી હાથમાં લેશે.

# યુવાઓ માટેના કાર્યક્રમો

## યુવાઓને પ્રેરણા આપવી–ઈન્દોર



ઈન્દોર કેન્દ્રમાં 'હૃદયવાણી' શીર્ષક હેઠળ યુવાઓ માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રશિક્ષક વિકાસ શિઓરકર કે જેઓ વ્યવસાયે ડોક્ટર છે અને દેવાસ કેન્દ્રના સેન્ટર ઈનચાર્જ છે, તેમણે તેમના જીવનના અનુભવો કહ્યા હતા.

કાર્યક્રમનું આયોજન ટોક–શોના રૂપમાં કરવામાં આવ્યું હતું, ત્યારપછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ હતો. રાજેશ રેવરેકરે ભાઈ વિકાસનો ઈન્ટર્વ્યૂ લીધો હતો અને તેમના જીવનની જુદી જુદી પરિસ્થિતિઓના સંદર્ભમાં, માસ્ટર સાથે થયેલા તેમના અનુભવો વિષે, એક યુવા અભ્યાસી તરીકે સામનો કરેલી મુશ્કેલીઓ, અને એક સરકારી કર્મચારી તરીકે કે જ્યાં ભ્રષ્ટાચાર એક રિવાજ બની ગયો છે, તેના સંદર્ભમાં પ્રશ્નો પૂછ્યા હતા. ભાઈ વિકાસે તેમની ભાવનાઓ વિષે અને તેમના જીવનમાં તેમને સહજ માર્ગ કેવી રીતે મદદ કરી રહ્યો છે તે અંગે તેમના અનુભવો જણાવ્યા હતા. આપેલા અદ્દભૂત સંદેશાઓમાંનો એક સંદેશો એ હતો કે આપણે જેમ જેમ વિકાસ પામતા જઈએ છીએ, તેમ તેમ 'તેમની' કૃપાથી આપણી અંદર દરેક બાબતોમાં સહનશીલતા વધતી જાય છે અને આપણી આજુબાજુની બધી જ વ્યક્તિઓ પ્રત્યે આપણે વધારેને વધારે સહનશીલ બનીએ છીએ. તેઓ શ્રધ્ધા, માસ્ટર પ્રત્યેનો પ્રેમ અને સેવા વિષે બોલ્યા હતા.

90 મિનિટની આ મુલાકાત પછી, યુવા અભ્યાસીઓએ વધારે પ્રશ્નો પૂછ્યા હતા, જે પ્રાથમિકરૂપે ખૂબ જ વ્યવહારુ હતા.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મિશનના યુવાનોને તેમનાથી મોટા ભાઈઓના અનુભવો પરથી, આધ્યાત્મિકતાના સંદર્ભમાં રોજે રોજની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં મદદ કરવાનો હતો. તેમના કાર્ય કરવાના સ્થળે અથવા ભણતરમાં તે તેમને મદદરૂપ પણ થશે.

યુવા અભ્યાસી, નિમેશ પાલીવાલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને અવિનાશે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં 40થી વધુ યુવા અભ્યાસીઓ હાજર રહ્યા હતા. આ રીતના કાર્યક્રમો માસિક ધોરણે રાખવાની યોજના નક્કી કરવામાં આવી છે.

## મણપાક્કમ, તામિલનાડુ

3જી ઓગષ્ટના રોજ મણપાક્કમમાં ચેન્નાઈના લગભગ 50 યુવાનો અને થોડા વિદેશી અભ્યાસીઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાગ લેનાર દરેકને યોગ્યતા પ્રમાણે કાર્ડ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત 25 સપ્ટેમ્બર, 2012ના વ્હીસ્પર્સના સંદેશાથી થઈ હતી. ત્યારબાદ એક આઈસ બ્રેકર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં ભાગ લેનારાઓએ પોતાનો પરિચય આપ્યો હતો અને તેમના કાર્ડ ઉપરથી યોગ્યતાનું નામ મોટેથી બોલ્યા હતા, જે મેમરી ગેમ માટે બધાએ યાદ રાખવાનું હતું. 'સહજ માર્ગ' માં જોડાયા પછી તેમણે અનુભવેલી અજોડ વાતો પણ તેમણે કહી હતી. દરેકને 'સહજ માર્ગના દસ નિયમો' યાદ રાખવાનું કહેવામાં આવ્યું હતું અને તે નિયમોનો બને ત્યાં સુધી જેમ છે તેમ લખવાનો પ્રયત્ન કરવાનું કહેવામાં આવ્યું હતું.

'Find the Maxim Family' ના ધ્યેયને શોધવાનો હેતુ, દરેક નિયમના સંપર્કમાં આવતી યોગ્યતાઓના ઈરાદાને શોધવાનો હતો. ભાગ લેનાર દરેકને તેમના કાર્ડ ઉપર કઈ યોગ્યતાનો નિયમ છે તે ઓળખવાનું હતું અને એ જ નિયમ જેની પાસે હોય, ટીમના એ સાથીને પણ શોધવાનો હતો.

દરેક જૂથે 'વે ઓફ એક્સપ્રેસીંગ' વિષય ઉપર ચર્ચા કરી હતી. જ્યારે નવા સભ્યોને સહજ માર્ગનો પરિચય કરાવવામાં આવતો હોય, ત્યારે જે મુદ્દાઓ મહત્ત્વના છે, તેને સમજવાની જરૂરિયાત ઉપર આ પ્રવૃત્તિ દ્વારા ભાર આપવામાં આવ્યો હતો. ભાગ લેનારાઓને આત્મ–નિરિક્ષણ કરવા માટે અને તેમના વિચારોની આપલે કરવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો.

તીરની રમત દ્વારા 'લક્ષ્ય' ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાના મહત્ત્વ વિષે માહિતી આપવામાં આવી હતી, જેનો આનંદ ભાગ લેનારાઓએ માણ્યો હતો. ચા અને નાસ્તો કર્યા પછી બે વિડિયો બતાવવામાં આવ્યા હતા: 'ફાઈવ ટીપ્સ ફોર બીલ્ડિંગ ઓથેન્ટીક સેલ્ફ–ડિસિપ્લીન' અને હાવર્ડ માર્ટિન્સનું 'એન્ગેજીંગ ધ હાર્ટ્સ ઈન્ટેલીજન્સ'.



# મૂલ્યોનું શિક્ષણ

વીબીએસઈ કાર્યક્રમથી આપણે સૌ પરિચિત છીએ, જે એક દાયકાથી પણ વધારે સમયથી એટલે કે 2000ની સાલથી મિશનના વિવિધ કેન્દ્રોમાં અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન 100થી વધુ શાળાઓએ તેમાં ભાગ લીધો હતો અને મિશન દ્વારા ભારતભરમાં 10,000થી વધુ શિક્ષકોને તાલીમ આપવામાં આવી હતી. માસ્ટર ઈચ્છતા હતા કે આ કાર્યક્રમનું ફરીથી અવલોકન કરવામાં આવે અને તેને સુધારવામાં આવે.

પ્રાપ્ત થયેલા અનુભવોના આધારે અને કાર્યક્ષેત્રના પ્રતિભાવોનું એકીકરણ કરતાં, ટીમ દ્વારા થોડા ફેરફાર કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમનો ઉલ્લેખ હવે ‘વેલ્યુઝ એજ્યુકેશન’ તરીકે કરવામાં આવે છે અને ધોરણ 8 થી 12 માટે રજૂ કરવામાં આવી રહ્યો છે. વર્ગ દીઠ વીસ સત્ર રાખવામાં આવશે, જેમાં પ્રમાણિકતા, વિનમ્રતા, હિંમત, જવાબદારી, પ્રેમ અને સ્વતંત્રતા જેવા છ મહત્ત્વના મૂલ્યોને આવરી લેવામાં આવશે. આ વર્ગોનું સંચાલન અભ્યાસી સ્વયંસેવકો દ્વારા કરવામાં આવશે, જે નિયમિત સમયપત્રકનો એક ભાગ હશે. શિક્ષણની આ પદ્ધતિ પારસ્પારિક અસરકારક છે અને તેમાં પ્રેરણા આપવાની જરૂરિયાત પર ધ્યાનપૂર્વક વિચારણા કરીને અને વર્ગને વધારે મનોરંજક અને આકર્ષક બનાવવાના હેતુથી વિદ્યાર્થીઓ સાથે સહાનુભૂતિ બતાવવા ઉપર ભાર મૂકવામાં આવે છે. તેમાં વિડિયો, વાર્તાઓ અને કસરતો ઉપરાંત વિચાર–પ્રેરક વાતોની આપ લે પણ હશે.

મે 2014થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે, નવા ‘વેલ્યુઝ એજ્યુકેશન’ કાર્યક્રમનો અમલ કરવા માટે 9 કેન્દ્રોની 15 શાળાઓ આગળ આવી છે. આ કેન્દ્રો છે, રેવા (2 શાળાઓ), વડોદરા(3 શાળાઓ), હૈદરાબાદ(2 શાળાઓ), ત્રિચિ(2 શાળાઓ), મુંબઈ (1 શાળા), ચેન્નાઈ (1 શાળા), દિલ્હી (2 શાળાઓ) અને સુરત (1 શાળા).

‘વેલ્યુઝ એજ્યુકેશ’ ની આ ટીમમાં, પુસ્તકમાં સમાવિષ્ટ કરવાની વસ્તુઓ અને તાલીમ માટે રંજની બાલાજી, કેન્દ્રો સાથેના સંપર્ક માટે કાંતિ પપ્પુ અને પુસ્તકમાં સમાવિષ્ટ કરવાની વસ્તુઓનો આઈટી વહીવટ કરવા માટે જ્યોતિ છેરેડ્ડી છે. તેમાંથી કેન્દ્ર સ્તરે ઘણા કો–ઓર્ડીનેટર્સ અને વોલન્ટિયર્સ છે. હવે પછી શરૂ થનારા શૈક્ષણિક વર્ષમાં કાર્યક્રમને શરૂ કરવા માટે, થોડાં કેન્દ્રો અને શાળાઓને પહેલેથી જ પસંદ કરવામાં આવ્યા છે. જે કેન્દ્રો આ કાર્યક્રમ શરૂ કરવામાં રસ ધરાવતા હોય, તે કાન્તિ પપ્પુનો vbe@shpt.inવેબસાઈટ ઉપર સંપર્ક કરે.

## કેન્દ્રોમાંથી થયેલા અનુભવો

**વડોદરા:** પ્રાયોગિક યોજના હોવાથી, ‘વીઈ’ ના વર્ગો, ઓએનજીસીની બરોડા હાઈસ્કૂલમાં ધોરણ 8માં ચાર ભાગોમાં અને અલકાપુરીની બરોડા હાઈસ્કૂલમાં ધોરણ 9માં બે ભાગોમાં શરૂઆત કરવામાં આવી હતી. દસ સ્વયંસેવકોની ટીમની સાથે પાંચ સહાયક સભ્યો શિક્ષણ કાર્યમાં સંકળાયેલા છે. તેઓ વર્ગમાં કરવામાં આવનારી વિવિધ પ્રવૃત્તિઓની ચર્ચા કરવા માટે દર અઠવાડિયે ભેગા થાય છે. ગોત્રીમાં આવેલી તેજસ વિદ્યાલયે આ અભ્યાસક્રમ સ્વીકાર્યો છે અને શાળાના શિક્ષકોએ તે શિક્ષણની જવાબદારી ઉઠાવી લીધી છે. શાળાના અધિકારીઓનું સમર્થન ખરેખર ગણનાપાત્ર છે. વિદ્યાર્થીઓનો પ્રતિભાવ હકારાત્મક છે અને તેઓ આ વર્ગોનો આનંદ માણી રહ્યા છે.

**મુંબઈ:** મુંબઈમાં, બીલાબોન્ગ ઈન્ટરનેશનલ હાઈસ્કૂલ ખાતે આઠમા ધોરણ માટે અને નગોથાણેની જે.એચ.અંબાણી શાળામાં આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. બંને શાળાઓમાં આ કાર્યક્રમ આપણા સ્વયંસેવકોની મદદથી અને સહાયથી ચલાવવામાં આવી રહ્યો છે. બંને શાળાઓના કર્મચારીઓ ઘણા જ મદદરૂપ છે અને સાથે સાથે બાળકોનો હિસ્સો અને વર્ગમાં સ્વયંસેવકો સાથેનું તેમનું ખુલ્લાપણું પણ વખાણવાને લાયક છે. બાળકો અદ્‌ભૂત અને ખુલ્લા મનવાળાં છે અને સંચાલિત કરવામાં આવતી પ્રવૃત્તિનું વર્ણન પણ કરે છે. પહેલું મૂલ્ય, જે નિષ્ઠા વિષે હતું, તેને ગ્રહણ કરવું તેમના માટે ખૂબ જ સરળ હતું. ડાયરી લખવાનો વિચાર એ રીતે રજૂ કરવામાં આવ્યો હતો કે દરેક સત્રમાં આપવામાં આવતા અવતરણો પરનાં તેમનાં અવલોકનો, વિચારો અને અભિપ્રાયોને ડાયરીમાં લખી શકાય. વર્ગોમાં વાતાવરણ હંમેશાં ખૂબ જ હળવું અને ખુશીભર્યું રહેતું હતું. મરાઠી માધ્યમની શાળા, જે.એચ. અંબાણીના આચાર્ય દ્વારા તેમની શાળામાં ‘વીઈ’ના વર્ગોનું સંચાલન મરાઠી અથવા હિન્દી ભાષામાં કરવા માટે જૂથને આમંત્રણ આપવામાં આવ્યું છે.


અલકાપુરી


બીએચએસઓએનજીસી


મુંબઈ


નગોથાણે

## મન્નાવરપ્પદુ, નેલ્લોર ગ્રામ્યવિસ્તાર





નેલ્લોર કેન્દ્રના અભ્યાસીઓએ મન્નાવરપ્પદુ ગામ (નેલ્લોર ગ્રામ્યવિસ્તાર) નજીક 33 એકર જમીન ખરીદી હતી. આ 33 એકરમાંથી 5.85 એકર મેડીટેશનહોલ અને બીજી સુવિધાઓ માટે ફાળવવામાં આવી હતી અને બાકીની જમીનને 300 પ્લોટમાં વિભાજીત કરવામાં આવી હતી.

આપણા માલિકની સહમતી અને આશીર્વાદથી 6 ઓગષ્ટના રોજ, નેલ્લોરના સેન્ટરના ઈન ચાર્જ, બહેન ઉમા ગંગાધર દ્વારા સુલોચના સદન ખાતે કીચન કમ ડાઈનીંગ હોલનું બાંધકામ કરવા માટે ભૂમી પુજન કરવામાં આવ્યુ હતું. આ બાંધકામની અંદાજીત કિંમત 20 લાખ રૂપિયા છે; તેમાંથી 4 લાખ રૂપિયા ટોઈલેટ બ્લોકના બાંધકામ માટે પણ ફાળવામાં આવ્યા છે. ભૂમી પૂજન બાદ સત્સંગનું આયોજન કરવામાં હતું, જેમાં નેલ્લોર કેન્દ્ર અને બીજાં કેન્દ્રો જેવાં કે, કાવલી, બુચીરેડ્ડીપાલમ, સિદ્દીપુરમ, ગુડુર, વેંકટગીરી, નાયડુપેટા, પોડાલકુર કેન્દ્રોમાંથી આવેલા આશરે 200 અભ્યાસીઓએ હાજરી આપી હતી. આ પવિત્ર અવસરે, સેન્ટર ઈન ચાર્જ દ્વારા અભ્યાસીઓને સ્વૈચ્છિક કાર્ય કરવા આગળ આવવા માટે અને બાંધકામની પ્રક્રિયાને બને એટલી જલદી પૂરી કરવા વધારેમાં વધારે મદદ કરવા આગ્રહ કરવામાં આવ્યો હતો.

## હરિયાણા, ઝોનલ મીટીંગ

17 ઓગષ્ટના રોજ ઝોનલ (ઝોન 21) મીટીંગનું આયોજન સોનપેટ આશ્રમમાં કરવામાં આવ્યુ હતું. આ મીટીંગના અધ્યક્ષપદે ઝેડઆઈસી હતા, જેમાં બધા જ પ્રશિક્ષકો, કો–ઓર્ડીનેટર્સ, ફેસીલીટેટર્સ, વોલન્ટીયર્સ અને ઝોનમાંથી બધા સેન્ટર ઈન ચાર્જને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કેટલાક કાર્યક્રમોના વિસ્તૃત મુદ્દાઓ પર ચર્ચા કરવાનો આ મીટીંગનો હેતુ હતો. ઝેડઆઈસી, સત્ય એન. મંડલ દ્વારા કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં ઝોન સાથે માહિતી આદાનપ્રદાન કરવાનાં વિવિધ પાસાંઓ પર અને માલિક અથવા કમલેશભાઈ સાથે સીધી માહિતી પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું; અને મિશન દ્વારા નક્કી કરવામાં આવેલી માહિતીની પધ્ધતિમાં અડગ રહીને શિસ્તની જરૂરિયાત પર માર્ગદર્શન આપ્યું હતું. મીટીંગ દરમિયાન, ઝોન ઈન ચાર્જે બધા જ સેન્ટર ઈન ચાર્જ, પ્રશિક્ષકો અને વોલન્ટીયર્સને સહજ માર્ગના સૈનિકોની જેમ કાર્ય કરવા માટે વિનંતી કરી હતી. જે સેન્ટરમાં પ્રશિક્ષકો ઉપલબ્ધ નથી, ત્યાં રવિવાર અને બુધવારના સત્સંગોનું સંચાલન કેવી રીતે કરવું, તે બાબતે ચર્ચા યોજવામાં આવી હતી. ગયા વર્ષ દરમિયાન, થયેલો વિકાસ, ઉપલબ્ધિઓ અને સુધારો લાવવા માટે કરવામાં આવેલી પહેલને સેન્ટર ઈન ચાર્જ અને પ્રશિક્ષકો દ્વારા જાણ કરવામાં આવી હતી. ઝોનલ કો– ઓર્ડીનેટરોએ પણ તેમના ચોક્કસ વિસ્તાર, જેવા કે, તાલીમ અને વિકાસ, યુ કનેક્ટ, ક્રેસ્ટ, શિક્ષણનાં મૂલ્યો, નિબંધ લેખન, આઈ ટી, અભ્યાસીની નોંધણી, વોલન્ટરી સેવાઓ, એકોસ, 'હિસ્ટરી' પર પ્રોજેક્ટ અને એકાઉન્ટસ્‌નો હેવાલ આપ્યો હતો.

## ઉદેપુર, રાજસ્થાન

3 ઓગષ્ટના રોજ, ઉદેપુર કેન્દ્ર ખાતે, તિરૂપુરમાં ભંડારા દરમિયાન શ્રી કમલેશભાઈ દ્વારા આપેલા વકતવ્યમાં ઉલ્લેખ કરવામાં આવેલા પોઈન્ટ 'એ' પર ધ્યાન અને પોઈન્ટ 'બી'ની સફાઈ બાબતે સભાનતા લાવવા માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સેન્ટર ઈન ચાર્જે ઉપસ્થિત રહેલા 34 અભ્યાસીઓને પોઈન્ટ 'એ' અને પોઈન્ટ 'બી' ના સ્થાનની માહિતી આપીને આ પદ્ધતિઓની વિગતો વિગતવાર સમજાવી હતી. વર્કશોપનો મુખ્ય હેતુ અભ્યાસીઓમાં આ વિશેષ કાર્યપદ્ધતિઓની વધારે સારી સમજ વિકસાવવાનો હતો. વર્કશોપના અંતમાં અભ્યાસીઓના પ્રશ્નોના જવાબ આપવા માટે પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.



## નાની મોટી ખબર


મુથુર

### તામિલનાડુના મુથુર ખાતે બુધવારનો પહેલો સતસંગ

તામિલનાડુનું નાનું શહેર મુથુર, કાંગયમ્ કેન્દ્રથી 18 કિ.મી. દૂર આવેલું છે. વધારે અંતર હોવાને કારણે, મુથુરના છ અભ્યાસીઓ વ્યકતિગત સીટીંગ નિયમિતપણે લઈ શકતા ન હતા. ઝેડઆઈસી, ટી.વી. વિશ્વનાથ રાવની સલાહને અનુસરીને કાંગયમ્ના પ્રશિક્ષકોએ મુથુર સીટીંગ આપવા જવાનુ શરૂ કર્યુ. જ્યારે અભ્યાસીઓની સંખ્યા 30 થઈ, ત્યારે ઝેડઆઈસીએ બુધવારના સત્સંગનું સંચાલન પણ ત્યાં જ કરવાની સલાહ આપી હતી. 11મી જૂનના રોજ, સાંજે 5વાગે બુધવારના પહેલા સત્સંગની સાથે હોમ ગેધરીંગનું સંચાલન ઝેડઆઈસી દ્વારા કરવામાં આવ્યું હતું. મુથુરના આશરે 30 અભ્યાસીઓ અને કાંગયમ્ કેટલાક અભ્યાસીઓ હાજર રહ્યા હતા. સત્સંગ બાદ, ‘સહજમાર્ગના માલિકો, મિશન, પધ્ધતિ અને ધ્યેય’ અને ‘સહજમાર્ગની આવશ્યકતા’ ઉપર ભાષણો આપવામાં આવ્યા હતા. પાંચ નવા જિજ્ઞાસુઓએ સહજમાર્ગમાં જોડાવાની રૂચિ દર્શાવી હતી.

### ગુજરત, અમદાવાદ ખાતે, સ્પોર્ટસ્ ડે.

15 ઓગષ્ટના રોજ, અમદાવાદમાં અડાલજ યોગાશ્રમ ખાતે સ્વાતંત્ર્ય દિનની સાથે સાથે સ્પોર્ટસ્ ડેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બધા અભ્યાસીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને બધાએ ભાગ પણ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સવારે 7:30 વાગે સત્સંગથી થઈ હતી. ત્યાર બાદ 9.30 વાગે નાસ્તો કર્યા પછી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. 10:00 થી 1:00 વાગ્યા સુધી રમતોનું આયોજન કર્યા બાદ, બપોરનું ભોજન લેવામાં આવ્યુ હતું. રમતોમાં સંગીત ખુરશી, કેરમ, ટેબલ ટેનીસ, દોરડા કુદ, એક મિનિટની રમત, શો ધ ડેસ્ટીનેશન્સ, લીંબુ ચમચો, કોથળા દોડ અને યુગલ સ્પર્ધાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભાગ લેનારા બધાએ આ પ્રસંગને પૂરેપૂરો માણ્યો હતો.



વારાણસી


અમદાવાદ

### લાલપનીઆ, ઝારખંડ

6 જુલાઈના રોજ, જીઆઈપીટીના કાર્યક્રમમાં ‘ધ્યાન’ પર એક સત્રનું સંચાલન કરવામાં આવ્યુ હતું. તેમાં 22 અભ્યાસીઓએ ભાગ લીધો હતો. તેમાં સમાવિષ્ટ દરેક અભ્યાસી માટે આ કાર્યક્રમ ખૂબ જ અસરકારક અને ઘણી જાણકારી આપનાર હતો. બધાને અનુભૂતિ થઈ હતી કે આ કાર્યક્રમ માલિક તરફથી મળેલો ઉપહાર હતો. વળી બધા અભ્યાસીઓ વચ્ચે ભાઈચારો વધ્યો હતો.


લાલપનીઆ

### રવિવારનો સત્સંગ મણીનગરમાં

#### અમદાવાદ, ગુજરાત

માસ્ટરની સંમતિથી, અમદાવાદના મણિનગરમાં આવેલા કાકરીયા તળાવ પાસે, સીટી સેન્ટરમાં પણ હવેથી રવિવારના સત્સંગનું આયોજન કરવામાં આવશે. અભ્યાસીઓ માટે આ જગ્યા શહેરના મધ્યમાં આવેલી હોવાથી સહેલાઈથી પહોંચી શકાય તેવી છે. 3 ઓગષ્ટના રોજ પહેલો સત્સંગ ત્યાં રાખવામાં આવ્યો હતો. તેમાં 60થી વધારે અભ્યાસીઓ હાજર રહ્યા હતા, તેમાંથી 20% અભ્યાસીઓ એવા હતા જેમને વિવિધ કારણો સર રવિવારના સત્સંગમાં હાજર રહેવાનો લાભ ક્યારેય મળતો ન હતો. રવિવારે આશ્રમ પર પહોંચવામાં જે અભ્યાસીઓને તકલીફ પડે છે, તેમના માટે આ વ્યવસ્થા લાભકારી બનશે તેવી આશા છે.

### અખિલ ભારત નિબંધ લેખનના પ્રસંગે વર્કશોપ, વારાણસી,ઉ.પ્ર.

5મી જુલાઈના રોજ, આ ઝોનલ સ્તરના વર્કશોપનું સંચાલન વોલન્ટીયર્સના કાર્યને સરળ કરવા અને કાર્યથી પરિચિત કરવા તેમજ પ્રસંગને લગતું માર્ગદર્શન આપવા કરવામાં આવ્યું હતું. 23 કેન્દ્રોમાંથી અને આ ઝોનના સેટેલાઈટ કેન્દ્રોમાંથી આવેલા આશરે 60 વોલન્ટીયરોએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે, પ્રસંગને લગતી સામગ્રીઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

# સમાચારોનું વિસ્તરણ

## શોલાવંધન, તમિલનાડુ.



30 મી જુલાઈ, 2014 ના રોજ, શોલાવંધન સેન્ટર ખાતે એક ઓપન હાઉસ મીટીંગ યોજવામાં આવી હતી, તેની આગેવાની ZIC (TN-2D) ભાઈ રામનાથન અને અન્ય બે પ્રશિક્ષક દ્વારા લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અભ્યાસીઓ અને નવા આગંતુકો મળીને લગભગ 50 લોકોએ ભાગ લીધો. તેની શરૂઆત સાધનાના પ્રાથમિક પરિચય અને પુરાણા સમયમાં થયેલા તેના પ્રારંભથી થઈ હતી. પારસ્પરિક વાર્તાલાપના કાર્યક્રમાં લોકોએ સક્રિય ભાગ લીધો હતો, જે અર્થપૂર્ણ રહ્યો હતો કારણ કે નવા આગંતુકો સહજ માર્ગ પધ્ધતિનાં પાસાંઓ વિષે જાણવા આતુર હતા.

## ગુજરાતમાં અમદાવાદ ખાતે, ગવર્નમેન્ટ ટ્રેઝરરી ઓફિસમાં સેમિનાર



ગવર્નમેન્ટ ટ્રેઝરરી ઓફિસ ખાતે કામ કરતા કર્મચારીઓને આપણા મિશન વિશે માહિતી આપવા માટે ખાસ કાર્યક્રમની યોજના ઘડવામાં આવી હતી. ભાઈ જીજ્ઞેશને વકતા તરીકે 30 મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. આ વિભાગના મુખ્ય વ્યક્તિની ઉચિત પરવાનગી લીધા પછી અને સ્ટાફ સાથે જે સમય ઉપલબ્ધ હતો તેમાં સંક્ષિપ્ત પ્રબંધ ગોઠવીને, તેમણે આપણી પધ્ધતિની અસરકારકતા વિષે વિગતવાર જાણકારી આપી હતી. ઘણા જિજ્ઞાસુઓએ મિશનમાં જોડાવાની અને આવા પ્રસંગોનું સંચાલન કરવાની પણ રૂચિ બતાવી હતી.

## મેંગ્લોર, કર્ણાટક



સોમવારે, 11મી ઓગસ્ટ 2014ના રોજ, લગભગ 90 વિદ્યાર્થીઓ અને 5 અધ્યાપકો માટે મેંગલોરની બેસંત ફર્સ્ટ ગ્રેડ ઈવનીંગ કોલેજ ખાતે એક ઓપન હાઉસનું સંચાલન કરવામાં આવ્યું. પ્રેક્ષકોને આધ્યાત્મિકતાના મહત્વ વિષે અને સહજ માર્ગનાં વિશિષ્ટ તત્વો વિષે વિગતવાર સમજાવવામાં આવ્યું હતું. કોલેજના 11 વિદ્યાર્થીઓએ અને એક પ્રોફેસરે મિશનમાં જોડાવા માટે રસ દાખવ્યો હતો. જિજ્ઞાસુઓને વ્યકિતગત સીટીંગ આપવા માટે કોલેજનાં પ્રાંગણમાં વ્યવસ્થાઓ કરવામાં આવી.

## કુમારીકુંતા ખાતે નવું સેન્ટર, તેલંગાણા.



કરીમનગર જિલ્લાના દૂરના વિસ્તારમાં આવેલા કુમારીકુંતા ખાતે હવે એક નવું સેન્ટર થયું છે. 1992થી, સત્સંગમાં હાજરી આપવા માટે અને વ્યકિતગત સીટીંગ લેવા માટે આ ગામના ચાર અભ્યાસીઓ નજીકના પેદાપલ્લી સેન્ટર પર જાય છે. માર્ચ–2014માં, ઝોન '1એ' ના ઝેડઆઈસી, મધુ કોટ્ટાપલ્લીએ જયારે પેદ્દાપલ્લી સેન્ટરની મુલાકાત લીધી હતી, ત્યારે કુમારીકુંતાના અભ્યાસીઓને મળ્યા હતા અને આ જગ્યા માટે નવા સેન્ટરની જરૂરિયાત સમજ્યા હતા. તેથી રવિવારના સત્સંગો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. હાલમાં 9 મી ઓગષ્ટે, ઝેડઆઈસી અને તેમની ટીમે લીધેલી મુલાકાત દરમિયાન, એ જોવું ઘણું જ પ્રોત્સાહનજનક હતું કે 5 મહિના કરતાં પણ ઓછા સમયમાં આ ગામમાં અભ્યાસીઓની સંખ્યા 24ની થઈ હતી. ટીમે પણ આલોચના કરી હતી કે આ જગ્યાનું વાતાવરણ આધ્યાત્મિકતાને આકર્ષિત કરનારું અને સૂક્ષ્મ હતું.

## હુબલી આશ્રમ, કર્ણાટક

# પ્રકાશનું કેન્દ્ર










હુબલી એ ઉત્તર કર્ણાટકના સૌથી ઝડપી વિકસ પામતા શહેરોમાંનું, એક શહેર છે. તે રોડ, રેલવે અને સ્થાનિક હવાઈમાર્ગથી સારી રીતે જોડાયેલ છે. આનું જોડકું શહેર છે ધારવાડ, જે 20 કિ.મી. દૂર છે અને જિલ્લાનું મુખ્ય મથક છે.

હુબલી સેન્ટરની શરૂઆત 1997માં, સર્નાડજીએ બે અભ્યાસીઓથી કરી હતી, તે વખતે તેઓ મિશનના જનરલ સેક્રેટરી હતા. સેન્ટરનો પોતાનો આશ્રમ થયો ત્યાં સુધી, સત્સંગનું સંચાલન ભાઈ પાવસ્કરના ઘરમાં અને ત્યાર બાદ મહિલા વિદ્યાપીઠમાં અને બેંકર્સ કલબમાં કરવામાં આવતું હતું. તે સમયે લગભગ 50 અભ્યાસીઓ હતા.

માસ્ટરે 5મી એપ્રિલ, 2002 ના રોજ, આશ્રમની જમીનની નોંધણી માટે હુબલીની મુલાકાત લીધી હતી. તેઓ ટ્રેન દ્વારા આવ્યા હતા અને આ વિસ્તારમાં પ્રકાશ ફેલાવવા માટે આ સેન્ટરમાં પોતાનો આશ્રમ બને તેવા આર્શીવાદ આપ્યા હતા. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, “દરેક સમયે આપણે જમીનનો એક નવો ટુકડો આપણા મહાન માલિક, બાબુજી મહારાજને અર્પણ કરીએ છીએ, ત્યારે તેનો સવિશેષ આનંદ રહેલો છે. તે પરિવારમાં એક બાળકનું હોવા જેવું છે. દરેક આશ્રમ મહાન માલિકનું દિવ્ય રહેઠાણ છે, તેમની હાજરીનું આપણે તે આશ્રમમાં આવાહન કરીએ છીએ અને તેનાથી આપણે ‘તેમના’ પ્રકાશને નિરંતર ચેતનવંતો, નિરંતર ઉપલબ્ધ રાખીને તેને જાળવી રાખીએ છીએ.

આશ્રમ સ્થાનિક હવાઈમથક અને નવા બસ સ્ટેન્ડથી લગભગ 2.5 કિ.મી. દૂર આવેલો છે. લગભગ 11 સેન્ટસ (1 સેન્ટ=48.4 ચોરસ વાર) ની આશ્રમની જમીન ઉપર 1400 ચો.ફૂ.નો મેડિટેશન હોલ બાંધવામાં આવ્યો છે. તેમાં લગભગ 150 અભ્યાસીઓ બેસવાની ક્ષમતા છે. આ ઉપરાંત, આશ્રમમાં રસોડું, ડાઈનીંગ હોલ, ઓફીસ રૂમ, શૌચાલયો અને બાથરૂમો છે. તેમાં ઘણાં જ વૃક્ષોવાળો સુંદર બગીચો અને બાળકો માટે રમવાની જગ્યા છે.

મહિનાના દર બીજા રવિવારે, આખા દિવસના કાર્યક્રમોનું સંચાલન કરવામાં આવે છે. દરેક રવિવારે 100 કરતાં પણ વધારે અભ્યાસીઓ સત્સંગમાં હાજરી આપે છે. કર્ણાટક રાજ્ય માટે સેન્ટર ખાતે થોડા ટ્રેનીંગ કાર્યક્રમો પણ થાય છે. તેમાં શિક્ષકો માટે વીબીએસઈ ટ્રેનીંગ કાર્યક્રમો, ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ અને પબ્લીકેશન વર્કશોપનો સમાવેશ હોય છે. સેન્ટરની અન્ય પ્રવૃત્તિઓમાં નિયમિત અભ્યાસીઓ માટે ટ્રેનીંગ પ્રોગ્રામ, નિબંધ લેખનનું કો–ઓર્ડિનેશન, મિશનમાં પ્રગટ થયેલાં પુસ્તકોનું અને પેટા સેન્ટરોનાં ઓળખપત્રોનું વિતરણ કરવામાં આવે છે.

જ્યારથી આશ્રમ અસ્તિત્વમાં આવ્યો છે, ત્યારથી ત્રણ સેન્ટરોનો વિકાસ થયો છે. તે ત્રણ સેન્તરનાં નામ છે, નવનગર, નવલગુંડ અને કૈગા. આજુબાજુની જગ્યાઓમાં હોમ ગેધરીંગ, ઓપન હાઉસીસ અને અભ્યાસી ટ્રેનીંગ કાર્યક્રમોનું સંચાલન નિયમિત રીતે કરવામાં આવે છે.

ભવિષ્યને ધ્યાનમાં રાખીને, 14 એકર જમીન ખરીદવામાં આવી છે. જેમાં પાંચ એકર જમીન આશ્રમ માટે અને 9 એકર જમીન અભ્યાસી કોલોની માટે છે. ખરીદવામાં આવેલી નવી જગ્યા આશ્રમથી 12 કિ.મી. દૂર છે. જોઈન્ટ સેક્રેટરી એ.પી.દુરાઈની હાલની મુલાકાત દરમિયાન અભ્યાસીઓ અને કાર્યકર્તાઓ સાથે ચર્ચાઓ કરવામાં આવી હતી અને બાંધકામના વિકાસ માટે તેમજ આશ્રમની બાજુમાં જ અભ્યાસીઓ માટેની વસાહતનું નિર્માણ જલદીથી કરવાના નિર્ણાયક પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.



To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org
© 2014 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.